For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



ભદ્રકાળી મંદિર તરફ જતા સમયે દુર્ઘટના

# પાવાગઢમાં શોર્ટકટ બન્યો જીવલેણ ૧૦૦૦ ફૂટ ઊંડી ખીણમાં પટકાતાં યુવકનું મોત

**SDRF** અને હાલોલ ફાયર ટીમે ત્રણ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) હાલોલ તા.14

પંચમહાલના પ્રખ્યાત શક્તિપીઠ પાવાગઢ ખાતે માતાજીનાં દર્શન કરવા આવેલા યુવકનું ઊંડી ખીણમાં પટકાતાં કરુણ મોત નીપજ્યું હતું. ભદ્રકાળી મંદિર તરફ જતી વખતે શોર્ટકટ રસ્તે પસાર થવા દરમિયાન યુવકનો પગ લપસતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે યાત્રાધામમાં શોકની લાગણી ફેલાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મધ્યપ્રદેશના ધાર જિલ્લાના નિસરપૂર ગામના મૂળ વતની અને હાલ વાઘોડિયા વસાહતમાં રહેતા અનિલ શંકર ભીલ અન્ય ત્રણ વ્યક્તિઓ સાથે પાવાગઢ ખાતે દર્શન કરવા આવ્યા હતા. તેમની સાથે બે નાનાં બાળકો પણ હતાં. દર્શન માટે ભદ્રકાળી મંદિર તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમણે શોર્ટકટ રસ્તો અપનાવ્યો હતો. આ દરમિયાન અચાનક પગ લપસતાં અનિલ ભીલ ઊંડી ખીણમાં પટકાયા હતા. આશરે 1000 ફૂટ ઊંડી ખીણમાં પડવાથી તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

યુવક ખીણમાં પટકાતાં સાથે આવેલા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ગોધરા એસડીઆરએફ અને હાલોલ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ખીણની ઊંડાઈ અને મુશ્કેલ સ્થળ પર પહોંચવાની સ્થિતિને કારણે બચાવ કામગીરી પડકારજનક બની હતી. બંને ટીમોએ આશરે ત્રણ કલાકની ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને ખીણમાંથી બહાર કાઢ્યો હતો.

ત્યારબાદ મૃતદેહને 108 એમ્બ્યુલન્સ મારફતે હાલોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર બનાવ અંગે તપાસ હાથ ધરી છે. પાવાગઢ જેવા પ્રસિદ્ધ યાત્રાધામમાં દર્શન માટે આવેલા યુવકનું આ રીતે દુઃખદ મોત થતાં પરિવારજનોમાં શોક છવાયો છે.

શાળાઓમાં દિવાળી વેકેશન જાહેર

# વિદ્યાર્થીઓને ૨૧ દિવસની મજા ૫ નવેમ્બરથી શરૂ થશે રજાઓ

**૫ નવેમ્બરથી** ૨૫ નવેમ્બર સુધી વેકેશન

**૨૬ નવેમ્બરથી** બીજું શૈક્ષણિક સત્ર શરૂ

**બીજું** સત્ર ૨ મે ૨૦૨૭ સુધી ચાલશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે દિવાળી વેકેશનની તારીખો આખરે શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ વેકેશન લાગુ પડશે.

શિક્ષણ વિભાગના કેલેન્ડર મુજબ, દિવાળી વેકેશન બાદ બીજું શૈક્ષણિક સત્ર શરૂ થતાં જ અભ્યાસક્રમ ઝડપથી પૂર્ણ કરવાની કામગીરી હાથ ધરાશે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પ્રિલિમ પરીક્ષાઓ અને ત્યારબાદ બોર્ડની પરીક્ષાઓની તૈયારીઓ શરૂ થઈ જશે. વેકેશનનો પ્રારંભ 5 નવેમ્બરથી થશે. વેકેશનની કુલ અવધિ 21 દિવસ અને વેકેશનનો અંત 25 નવેમ્બર સુધી, નવા સત્રનો પ્રારંભ 26 નવેમ્બરથી તેમજ બીજું સત્ર 2 મે, 2027 સુધી ચાલશે. દર વર્ષે દિવાળી વેકેશન 21 દિવસનું જ રહે છે, પરંતુ આ વખતે નવેમ્બરની શરૂઆતમાં વેકેશન આવતું હોવાથી વિદ્યાર્થીઓ દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ જેવા તહેવારો પરિવાર સાથે ઉજવી શકશે. સાથે જ ઘણા પરિવારો પ્રવાસનું આયોજન પણ કરી શકે છે. શિક્ષણ વિભાગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ તારીખોનું ચુસ્તપણે પાલન કરવા અને વેકેશન દરમિયાન કોઈ પણ શાળા દ્વારા વધારાના ક્લાસ ન લેવાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

પાલિકા સેવકોની ઓળખ સુનિશ્ચિત થશે

# VMC માં વર્ગ-૩ અને ૪ ના કર્મીઓ માટે 'ડ્રેસ કોડ' સીસ્ટમ લાગુ

**ગાર્ડન** માટે લીલો, સ્ટ્રીટ લાઇટ માટે વાદળી અને સફાઈ સેવકો માટે ખાખી યુનિફોર્મ નક્કી કરાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં વડોદરા મહાનગરપાલિકાના કર્મચારીઓની યોગ્ય ઓળખ પ્રસ્થાપિત થાય અને તંત્રમાં શિસ્તબદ્ધ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વ્યવસ્થાના ભાગરૂપે પાલિકા દ્વારા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ માટે ખાસ ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે, જેથી નાગરિકો પણ યુનિફોર્મ જોઈને સરળતાથી ઓળખી શકે કે આ વડોદરા મહાનગરપાલિકાના જ કર્મચારી છે.

આ યોજના અંતર્ગત ગ્રીન ગાર્ડન વિભાગ માટે લીલો રંગ, સ્ટ્રીટ લાઈટ વિભાગ માટે બ્લુ રંગ અને સફાઈ સેવકો માટે અગાઉથી નક્કી થયેલ ખાખી રંગના ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું છે. પાલિકા તંત્ર દ્વારા વડોદરા શહેરમાં કોર્પોરેશનના કર્મચારીઓ કોણ છે તેની સ્પષ્ટ ઓળખ થાય અને કામગીરીમાં પ્રોપર ડિસિપ્લિન તેમજ સિસ્મેટીક સિસ્ટમ જળવાઈ રહે તેવા મુખ્ય ઉદ્દેશથી આ પહેલ હાથ ધરવામાં આવી છે.

હાલના તબક્કે અંદાજે ૩,૪૮૦ જેટલા કાયમી કર્મચારીઓને આ ગણવેશનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે વડોદરા મહાનગરપાલિકામાં કુલ ૧૩ ,૦૦૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, જેમાંથી તબક્કાવાર તમામ કર્મચારીઓને યુનિફોર્મ આપવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. શરૂઆતમાં કાયમી કર્મચારીઓને ગણવેશ આપવાનું નક્કી કરીને આ સિસ્ટમની દિશામાં આગળ વધવામાં આવી રહ્યું છે. કોર્પોરેટ સેક્ટરની કંપનીઓની જેમ જ વડો દરા મહાનગરપાલિકા દ્વારા પણ એક સરાહનીય શરૂઆત કરવામાં આવી છે. આ વ્યવસ્થા અંતર્ગત દર વર્ષે કર્મચારીઓને નિયમિતપણે ડ્રેસ મળી રહે તેવી યોજના પર કામ ચાલી રહ્યું છે, જેથી સિસ્ટમને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવી શકાય.

નાગામી નિકોટીન પ્રાઇવેટ લિમિટેડના ડાયરેક્ટરની કોર્ટમાં રાવ

# નંદેસરીમા આવેલી ફેક્ટરી પર કબજો લઈ લેનાર બે ભાગીદારો સામે છેતરપિંડીની ફરિયાદ

**ખોટા** દસ્તાવેજો, બનાવટી સહીઓ અને વીજળી-પાણીના જોડાણ મેળવ્યાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાના નંદેસરી જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીના કબજા અને માલિકી હકને લઈને વિવાદ કોર્ટ સુધી પહોંચ્યો છે. નાગામી નિકોટીન પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટરે રંગ કન્વર્ટર્સના બે ભાગીદારો સામે છેતરપિંડી, વિશ્વાસઘાત, બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા અને ગેરકાયદે કબજો મેળવવાના ગંભીર આક્ષેપો સાથે કોર્ટમાં ફરિયાદ નોંધાવી છે.

નંદેસરી જીઆઈડીસીમાં આવેલી નાગામી નિકોટીન પ્રાઈવેટ લિમિટેડની ફેક્ટરીના શેડના કબજાને લઈને વિવાદ વકર્યો છે. કંપનીના અધિકૃત ડાયરેક્ટર મકસૂદ સૈયદે રંગ કન્વર્ટર્સ નામની પેઢીના ભાગીદારો રાજેશકુમાર દસાડિયા અને સંજયકુમાર દસાડિયા સામે કોર્ટમાં ફરિયાદ કરી છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ ફેક્ટરીના શેડનો કબજો મેળવવા માટે ડીડ ઓફ એસાઈનમેન્ટમાં ખોટી વિગતો દર્શાવી હોવાનો આક્ષેપ છે. ફેક્ટરીના વેચાણની કુલ રૂ. 28.25 લાખની રકમમાંથી રૂ. 5.83 લાખનો ચેક કંપનીને આપવામાં આવ્યો ન હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત, જીઆઈડીસીના પ્રોવિઝનલ ટ્રાન્સફર ઓર્ડરની શરતોનું પાલન નહીં કરીને દસ્તાવેજનો ઉપયોગ કરાયો હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ફેક્ટરીના કબજાને લગતો વિવાદ સિવિલ કોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં આરોપીઓએ કથિત રીતે ખોટા દસ્તાવેજો અને બનાવટી સહીઓના આધારે વીજળી-પાણીનાં જોડાણ મેળવવા તથા અન્ય કચેરીઓમાં અરજીઓ કરવા સહિતનાં પગલાં લીધાં હતાં. ફેક્ટરીમાં ગેરકાયદે પ્રવેશ, તોડફોડ, ધમકી અને કંપનીને આર્થિક નુકસાન પહોંચાડવાના પણ આક્ષેપો કરાયા છે.

કંપનીએ અગાઉ નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવા છતાં યોગ્ય કાર્યવાહી નહીં થઈ હોવાનો દાવો કરી કોર્ટમાં ન્યાયની માગણી કરી છે. જોકે, આ તમામ આક્ષેપો ફરિયાદી પક્ષે કરેલા છે અને આરોપીઓ સામેના આરોપો કોર્ટમાં સાબિત થવાના બાકી છે.

# હાઉસિંગ બોર્ડના ફ્લેટધારકોને હવે મળશે સત્તાવાર માલિકી હક

**ગુજરાત** હાઉસિંગ વસાહત મંડળની રજૂઆત: EWS, LIG અને MIG માટે ફી નામમાત્ર રાખવા માગ, અનધિકૃત બાંધકામોને નિયમિત ન કરવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગુજરાત હાઉસિંગ બોર્ડની ફ્લેટ ટાઈપ વસાહતોની જમીન ફ્રી-હોલ્ડ કરવાની સરકારની વિચારણાથી વડોદરા સહિત રાજ્યભરના રહીશોમાં આશા જાગી છે. ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડે આ પહેલને આવકારતાં જણાવ્યું કે, જમીન ફ્રી-હોલ્ડ થવાથી વસાહતોના રી-ડેવલપમેન્ટનો માર્ગ સરળ બનશે.

જોકે, મંડળે અનધિકૃત બાંધકામોને જંત્રીના દરે રકમ વસૂલીને નિયમિત કરવાની સંભવિત નીતિ સામે વાંધો ઉઠાવ્યો છે. મંડળના મતે, આવી છૂટછાટથી પુનઃવિકાસમાં અસહકાર આપતા રહીશોને પ્રોત્સાહન મળી શકે છે.

**મંડળની મુખ્ય માગ**

- EWS, LIG અને MIG વસાહતો માટે ફ્રી-હોલ્ડ તથા દસ્તાવેજોની ફી રાહતદાયક રાખવામાં આવે.
- અનધિકૃત બાંધકામોને નિયમિત ન કરવાની કડક નીતિ અપનાવાય.
- વસાહતોના રી-ડેવલપમેન્ટમાં અડચણો દૂર કરી રહીશોને નવા મકાનોનો લાભ મળે.

તેથી અનધિકૃત બાંધકામોને નિયમિત ન કરવાની કડક નીતિ અપનાવવી જોઈએ.

બીજી તરફ, EWS, LIG અને MIG વસાહતોમાં રહેતા સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે જંત્રી મુજબની ઊંચી ફી ભરવી મુશ્કેલ છે. અગાઉ પણ ઊંચા ખર્ચને કારણે અનેક વસાહતોની જમીન ફ્રી-હોલ્ડ થઈ શકી નહોતી. આથી, નવી નીતિમાં જમીન ફ્રી-હોલ્ડ કરવાની અને બાકી દસ્તાવેજોની ફી નામમાત્ર રાખવાની મંડળે માગ કરી છે, જેથી જરૂરિયાતમંદ પરિવારોને યોજનાનો લાભ મળી શકે.

# ભરણપોષણ ન ચૂકવનારને ૪૬૯ દિવસની કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા ફેમિલી કોર્ટના ભરણપોષણ ચૂકવવાના હુકમ છતાં 67 મહિનાની રકમ નહીં ચૂકવનાર આરોપીને લક્ષ્મીપુરા પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે. કોર્ટ દ્વારા તેને 469 દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી.

સમતા વિસ્તારમાં આવેલી સૌરભપાર્ક સોસાયટીમાં રહેતા દીપકભાઈ નટવરભાઈ સુથાર (ઉ.વ. 49) સામે દિવાળીપુરા ફેમિલી કોર્ટમાં ભરણપોષણની રકમ નહીં ચૂકવવા બદલ કાર્યવાહી થઈ હતી. 17 ઓગસ્ટ, 2026ના રોજ કોર્ટ દ્વારા 67 મહિનાના ડિફોલ્ટ બદલ 469 દિવસની સાદી કેદનો હુકમ કરાયો હતો. જોકે, આરોપી સજાથી બચવા ફરાર હતો. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ લક્ષ્મીપુરા પીઆઈ જી.ડી. રાજપૂતે સજા વોરંટના આરોપીઓને પકડવા સૂચના આપી હતી. દરમિયાન દીપકભાઈ ઘરે હાજર હોવાની માહિતી મળતાં પોલીસે તપાસ કરી તેને ઝડપી પાડ્યો હતો.

ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી બોલતી હોવાનું કહી મહિલાએ વેબસાઇટ પર વિગતો ભરાવી

# રૂ. ૨,૪૯૯ની ફી માફીની લાલચમાં મેડિકલ ઓફિસરને રૂ. ૧.૯૨ લાખનો ચૂનો ચોપડ્યો

**OTP** દાખલ કરાવતાં જ કાર્ડમાંથી ટ્રાન્ઝેક્શન, કપુરાઈ પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં સાયબર ઠગો બેંકની સુવિધા અને ફી માફીના નામે લોકોને નિશાન બનાવી રહ્યા છે. સોમાતળાવમાં રહેતા અને હાલોલની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં ફરજ બજાવતા 36 વર્ષીય મેડિકલ ઓફિસર દિગ્વિજયસિંહ ગઢવીને ક્રેડિટ કાર્ડની રૂ. 2,499ની પ્રોટેક્શન ફી માફ કરવાની લાલચ આપીને રૂ. 1.92 લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી છે. આ મામલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

સોમાતળાવના દર્શનમ એન્ટેલિયામાં પરિવાર સાથે રહેતા દિગ્વિજયસિંહ ગઢવીને ગત 10 ઓક્ટોબરે બપોરે આશરે 2:30 વાગ્યે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારી મહિલાએ પોતાની ઓળખ ઈન્ડસઈન્ડ બેંકના ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી બોલતી હોવાનું આપીને તેમના કાર્ડમાં રૂ. 2,499ની પ્રોટેક્શન ફી લાગી હોવાનું જણાવ્યું હતું. આ ફી માફ કરાવવાનો છેલ્લો દિવસ હોવાનું કહી મહિલાએ તેમને એક વેબસાઈટ ખોલીને ઓનલાઈન પ્રક્રિયા કરવા જણાવ્યું હતું.

મહિલાની વાતમાં વિશ્વાસ મૂકીને ગઢવીએ વેબસાઈટ પર દર્શાવેલી પ્રક્રિયા શરૂ કરી હતી. પ્રોટેક્શન ફી માફ કરાવવાના વિકલ્પ પર ક્લિક કર્યા બાદ ક્રેડિટ કાર્ડ નંબર અને ક્રેડિટ લિમિટ સહિતની વિગતો ભરવામાં આવી હતી. ત્યારબાદ OTP દાખલ કરવા માટેનું પેજ ખુલ્યું હતું. પ્રથમ વખત OTP ન આવતાં મહિલાએ ફરીથી પ્રક્રિયા કરવા જણાવ્યું હતું. બીજી વખત OTP આવતાં ગઢવીએ તે દાખલ કર્યો હતો, પરંતુ સ્ક્રીન પર 'Invalid OTP'નો મેસેજ દેખાયો હતો.

જોકે, થોડીવારમાં જ તેમના મોબાઈલ પર બેંકનો મેસેજ આવ્યો હતો, જેમાં કારાટલેન ખાતે ક્રેડિટ કાર્ડ મારફતે રૂ. 1.92 લાખનું ટ્રાન્ઝેક્શન થયાનું દર્શાવાયું હતું. આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ગઢવીને સમજાયું હતું. તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરી હતી અને ત્યારબાદ અજાણી મહિલા તથા તેની સાથે સંકળાયેલા ઠગો સામે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વડોદરામાં વધુ ૩૦ ઈ-બસ શરૂ, કુલ સંખ્યા ૮૦ થઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રદૂષણ ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવા 'પીએમ ઈ-બસ સેવા' અંતર્ગત વધુ 30 ઈલેક્ટ્રિક બસો શરૂ કરવામાં આવી છે. ગોત્રી ખાતેના ઈ-બસ ડેપોમાં મેયર અને મ્યુનિસિપલ કમિશનરે લીલી ઝંડી આપી બસોનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે શહેરમાં ઈ-બસોની સંખ્યા 80 થઈ છે.

પ્રથમ તબક્કામાં 130 બસોનું આયોજન છે, જેમાં આગામી બે-ત્રણ મહિનામાં વધુ 50 બસો ઉમેરાશે. ભવિષ્યમાં શહેર માટે કુલ 250 ઈ-બસોનું આયોજન છે. નવી બસોના રૂટ દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારો, ઔદ્યોગિક એકમો, યુનિવર્સિટીઓ, એરપોર્ટ, રેલવે સ્ટેશન તથા બસ સ્ટેશનોની કનેક્ટિવિટી વધારાશે. આગામી સમયમાં ત્રણ નવા ડેપો શરૂ કરવા તેમજ બસ સ્ટોપ્સનું આધુનિકીકરણ કરવાની પણ યોજના છે.

પહેલેથી પરણેલા શખ્સે પોરબંદરના મંદિરમાં સિંદૂર પૂરી લગ્ન કર્યાનો દાવો

# અપરિણીત હોવાનું કહી સ્ટાફ નર્સને પ્રેમજાળમાં ફસાવી, બાળકીને જન્મ અપાવી લગ્નનો ઢોંગ કર્યો

**બે સોનાની** ચેન, બુટ્ટી, રૂ. 3 લાખ રોકડા અને પીએફનાં નાણાં પડાવી લીધાં હોવાની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી 37 વર્ષીય સ્ટાફ નર્સને પ્રેમસંબંધમાં વિશ્વાસઘાતનો ભોગ બનાવ્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હોમ લોનની પ્રક્રિયા દરમિયાન પરિચયમાં આવેલા દિનેશ મોકરીયાએ પોતે અપરણિત હોવાનું જણાવી મહિલા સાથે પ્રેમસંબંધ બાંધ્યો હતો. મહિલાના છૂટાછેડા બાદ બંને સાથે રહેવા લાગ્યાં હતાં. મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો અને વર્ષ 2025માં પોરબંદરના કુળદેવીના મંદિરમાં લગ્ન કર્યાનો દાવો કર્યો હતો. જોકે, દિનેશ પહેલેથી પરણેલો હોવાનું બહાર આવતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

**બીજી પત્નીનો ખુલાસો થતાં વિવાદ**

10 એપ્રિલ 2026ના રોજ દેવિકા નામની મહિલા ઘરે આવી દિનેશની પત્ની હોવાનો દાવો કરતાં સત્ય બહાર આવ્યું હતું. મહિલાનો આક્ષેપ છે કે દિનેશે બે સોનાની ચેન, કાનની બુટ્ટી અને રૂ. 3 લાખ રોકડા લોકરમાં મૂકવાના બહાને લઈ લીધાં હતાં. ઉપરાંત, બેંક ખાતા અને પીએફ સાથે જોડાયેલી વિગતોનો ઉપયોગ કરીને પીએફનાં નાણાં પણ ઉપાડી લીધાં હતાં. 12 એપ્રિલે આ અંગે પૂછતાં દિનેશે મારપીટ કરી હોવાનો પણ આક્ષેપ છે. મહિલાએ દિનેશ સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મહિલાનાં લગ્ન વર્ષ 2008માં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના યુવક સાથે થયાં હતાં. લગ્નજીવનમાં ઝઘડા અને મારપીટ થતી હોવાના આક્ષેપ બાદ વર્ષ 2012માં તે બંને બાળકો સાથે પિયર આવી ગઈ હતી. ત્યારબાદ વડોદરામાં ખાનગી હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે નોકરી કરતી હતી. ઘર ખરીદવા હોમ લોનની તપાસ દરમિયાન એક્સિસ બેંકના હોમ લોન વિભાગમાં કામ કરતા દિનેશ સાથે પરિચય થયો હતો.

દિનેશે લગ્નની ખાતરી આપતાં બંને વચ્ચે સંબંધ બંધાયા હતા. 30 સપ્ટેમ્બર 2022ના રોજ મહિલાએ સમાજના રીતરિવાજ મુજબ છૂટાછેડા લીધા હતા. 1 જાન્યુઆરી 2023ના રોજ તેણે પુત્રીને જન્મ આપ્યો હતો. ત્યારબાદ દિનેશ તેને પરિવાર સાથે પોરબંદર લઈ ગયો હતો, જ્યાં કુળદેવીના મંદિરમાં સિંદૂર પૂરી લગ્ન કર્યાનો મહિલાએ દાવો કર્યો છે.

દુકાનદારોને માત્ર ૮૦ ટકા તેલ મળ્યાની ફરિયાદ

# દિવાળી ટાણે વડોદરાની સસ્તા અનાજની દુકાનોમાં તેલની અછત

**ઓનલાઈન** સિસ્ટમમાં જથ્થો દર્શાવાતાં ગ્રાહકો સાથે ઘર્ષણ થવાની ભીતિ, સરકાર સમક્ષ રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં દિવાળીના તહેવાર પૂર્વે સસ્તા અનાજની દુકાનોમાં તેલનો પૂરતો જથ્થો ન મળતાં સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. તહેવાર નિમિત્તે રેશનકાર્ડધારકોને તેલની ફાળવણી કરવામાં આવે છે, પરંતુ આ વખતે દુકાનદારોને નિર્ધારિત જથ્થા કરતાં ઓછો જથ્થો મળ્યાની ફરિયાદો ઉઠી છે.

મળતી માહિતી મુજબ, જન્માષ્ટમી અને દિવાળી જેવા તહેવારો દરમિયાન નિયમ પ્રમાણે 100 ટકા જથ્થા મુજબ તેલની ફાળવણી કરવામાં આવે છે. આ વખતે પણ દુકાન સંચાલકોએ 100 ટકા જથ્થા મુજબનાં નાણાં અગાઉથી ભરી દીધાં હતાં. જોકે, જથ્થો મળતાં વડોદરાની દુકાનોમાં માત્ર 80 ટકા તેલની ફાળવણી થઈ હોવાનું સામે આવ્યું છે. કેટલીક જગ્યાએ તો 60થી 80 ટકા સુધી જથ્થો ઓછો મળ્યાની ફરિયાદો પણ ઉઠી છે.

આ પરિસ્થિતિમાં દુકાનદારો સામે આર્થિક મુશ્કેલી ઊભી થઈ છે. ગ્રાહકોના મોબાઈલમાં ઓનલાઈન સિસ્ટમ દ્વારા તેલનો જથ્થો ઉપલબ્ધ હોવાનું દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં દુકાનમાં પૂરતો જથ્થો ન હોવાથી ગ્રાહકોને તેલ આપવું મુશ્કેલ બન્યું છે. પરિણામે, પોતાનો હક મેળવવા દુકાને આવતા ગ્રાહકો અને સંચાલકો વચ્ચે ઘર્ષણ થવાની ભીતિ સેવાઈ રહી છે.

દિવાળી જેવા તહેવારના સમયે જ તેલનો જથ્થો ઓછો મળતાં ગ્રાહકોના રોષનો સામનો દુકાનદારોને કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. નિયમ મુજબના નાણાં ભર્યા હોવા છતાં પૂરતો જથ્થો ન મળતાં બાકીના જથ્થાની ફાળવણી અને નાણાંની ભરપાઈ અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

આથી સસ્તા અનાજના દુકાન સંચાલકોએ પુરવઠા વિભાગ અને સરકારને આ મામલે તાત્કાલિક ધ્યાન આપવા રજૂઆત કરી છે. સમગ્ર રાજ્યમાં આવી સ્થિતિ હોય તો વહેલી તકે યોગ્ય નિરાકરણ લાવી કાર્ડધારકોને સમયસર તેલ મળે તેવી વ્યવસ્થા કરવાની માગ ઊઠી છે.

# તલસટની સીમમાં કચરો ઠાલવાતાં ગ્રામજનોમાં રોષ

**તળાવો** અને ખેતરોને નુકસાનનો આક્ષેપ, કચરો બંધ નહીં થાય તો કોન્ટ્રાક્ટરોની ઓફિસે ઠાલવવાની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા નજીક તલસટ ગામની સીમમાં કોન્ટ્રાક્ટરો દ્વારા ગેરકાયદે કચરો ઠાલવવામાં આવતો હોવાના આક્ષેપથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. નિયુક્ત ડમ્પિંગ યાર્ડમાં કચરો નાખવાને બદલે તળાવો અને ફળદ્રુપ ખેતરોમાં કચરો ઠાલવાતો હોવાની ફરિયાદો ઊઠી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કચરાના કારણે તળાવોનાં પાણી દૂષિત થવાની અને ખેતીની જમીનને નુકસાન પહોંચવાની ભીતિ છે. ગ્રામજનોએ વારંવાર રજૂઆત કરીને ગામની સીમમાં કચરો નહીં નાખવા જણાવ્યું હોવા છતાં કચરો ઠાલવવાનું ચાલુ હોવાનો આક્ષેપ છે.

આ સ્થિતિને પગલે ગ્રામજનોનો આક્રોશ વધી રહ્યો છે. તેમણે ચીમકી આપી છે કે જો તાત્કાલિક કચરો નાખવાનું બંધ કરવામાં નહીં આવે તો એકત્રિત થયેલો કચરો કોન્ટ્રાક્ટરોના ઘર અને ઓફિસ આગળ ઠાલવવામાં આવશે. હવે જવાબદાર તંત્ર અને મહાનગરપાલિકા આ મામલે તપાસ કરીને કોન્ટ્રાક્ટરો સામે કેવાં પગલાં ભરે છે તેના પર સૌની નજર છે.

# કોમર્સ ફેકલ્ટીમાં રીઈન્ટર્નલ પરીક્ષા બંધ કરાતા ABVPની ઉગ્ર આંદોલનની ચીમકી

**NCC,** સ્પોર્ટ્સ, બીમારી કે પારિવારિક કારણોસર પરીક્ષા ન આપી શકેલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફરી શરૂ કરવા ABVPની માંગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં આ વર્ષે પરીક્ષા બંધ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ઉગ્ર વિરોધ નોંધાવી તાત્કાલિક રી-ઈન્ટરનલ પરીક્ષા ફરી શરૂ કરવાની માંગ કરી છે.

એબીવીપી વડોદરા મહાનગર દ્વારા કોમર્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર પાતજવી રજૂઆત કરવામાં આવી હતી. એબીવીપીના અધ્યક્ષ મીનેન્દ્ર સિંહ ચૌહાણએ જણાવ્યું હતું કે, કોમર્સ ફેકલ્ટીની અંદર જે રી-ઈન્ટરનલ એક્ઝામ બંધ કરી દેવામાં આવી છે, તેને ત્વરિત ચાલુ કરવામાં આવે. તેમણે જણાવ્યું કે, ઘણા વિદ્યાર્થીઓ એનસીસી કેમ્પ, સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ, નેશનલ કે સ્ટેટ લેવલની સ્પર્ધાઓ કે અન્ય એકેડેમિક પ્રવૃતિમાં ગયા હોય છે, જેના કારણે તેઓ ઈન્ટરનલ પરીક્ષા આપી શકતા નથી. આ ઉપરાંત કોઈ વિદ્યાર્થીના ઘરે કોઈ અસામાજિક ઘટના બની હોય કે વિદ્યાર્થી પોતે બીમાર પડી ગયો હોય, તો પણ તે પરીક્ષાથી વંચિત રહી જાય છે. આવા તમામ વિદ્યાર્થીઓના હિતમાં રી-ઈન્ટરનલ પરીક્ષાનું નિવારણ લાવવું જરૂરી છે. એબીવીપી દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, જો 3 દિવસમાં આ માંગનું યોગ્ય નિરાકરણ નહીં આવે, તો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી ફેકલ્ટી પ્રશાસનની રહેશે.